# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

*************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેશેલ્સ માટે ૧૭૫ મિલિયન ડોલરના વિશેષ આર્થિક પેકેજની જાહેરાત કરી

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નવી દિલ્હીમાં સાયબર છેતરપિંડી અંગેની રાષ્ટ્રીય પરિષદમાં મુખ્ય ભાષણ આપશે.

3) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું - ભારત-અમેરિકા વેપાર કરારમાં ખેડૂતોના હિતોનું સંપૂર્ણ રક્ષણ કરાયું.

4) બ્રિક્સમાં ભારતના અધ્યક્ષપદને રશિયા સક્રિયપણે સમર્થન આપશે.

5) T20 વિશ્વકપમાં, 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM SEYCHELLES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેશેલ્સ માટે ૧૭૫ મિલિયન ડોલરના ખાસ આર્થિક પેકેજની જાહેરાત કરી. નવી દિલ્હીમાં સેશેલ્સના રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિની સાથે મુલાકાત બાદ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ પેકેજ સામાજિક આવાસ, ઈ-મોબિલિટી, વ્યાવસાયિક તાલીમ, આરોગ્ય, સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષાને ટેકો આપશે.

### BYTE: PM MODI PKG

ભારત અને સેશેલ્સે આરોગ્ય, હવામાનશાસ્ત્ર, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી અને સુશાસન સહિત વિવિધ ક્ષેત્રોમાં ૭ સમજૂતી કરાર (MoU) પર પણ હસ્તાક્ષર કર્યા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિનીનું સ્વાગત પણ કર્યું અને તેમના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કર્યું. બંને નેતાઓ સંમત થયા કે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવાની અપાર સંભાવનાઓ છે. અગાઉ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને નવી દિલ્હીમાં સેશેલ્સના રાષ્ટ્રપતિને મળ્યા હતા.

# PM - MAURITIUS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મોરેશિયસના પ્રધાનમંત્રી ડૉ. નવીનચંદ્ર રામગુલામ સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ જણાવ્યું કે ગઈકાલે વાતચીત દરમિયાન, તેમણે બંને રાષ્ટ્રોને એક કરતા ખાસ, ઐતિહાસિક અને લોક-કેન્દ્રિત સંબંધોને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી હતી. બંને નેતાઓએ વ્યાપક સહયોગમાં પ્રગતિની પણ સમીક્ષા કરી હતી.

પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું કે, ભારત અને મોરેશિયસ હિંદ મહાસાગર ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાના સહિયારા ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે. શ્રી મોદીએ જણાવ્યું કે, તેઓ આવતા અઠવાડિયે AI ઇમ્પેક્ટ સમિટ માટે ડૉ. રામગુલામનું સ્વાગત કરવા આતુર છે.

# RS BUDGET

રાજ્યસભામાં ગઇકાલે કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા શરૂ કરતા કોંગ્રેસના સાંસદ પી ચિદમ્બરમે ભારતીય અર્થતંત્રના વિકાસ દર પર પ્રશ્નો ઉઠાવતા કહ્યું કે, ૨૦૨૩-૨૪માં સામાન્ય વિકાસ દર ૧૨% હતો જ્યારે ૨૦૨૪-૨૫માં તે ઘટીને ૯.૮% થયો છે.

ચર્ચામાં ભાગ લેતા, ભાજપના સાંસદ અરુણ સિંહે કહ્યું કે, બજેટનું કદ ત્રણ ગણું વધીને ૫૩ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે, જ્યારે યુપીએ શાસનમાં તે માત્ર ૧૬ લાખ કરોડ રૂપિયાથી વધુ હતું. તેમણે એ પણ પ્રકાશિત કર્યું કે ગરીબ લોકોને આવાસ મળે તે સુનિશ્ચિત કરવા માટે એક વિશાળ બજેટ ફાળવવામાં આવ્યું છે.

## BYTE: ARUN SINGH

# AMIT SHAH CBI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં સાયબર છેતરપિંડીનો સામનો કરવા અને તેને અટકાવવા અંગેના રાષ્ટ્રીય પરિષદમાં મુખ્ય ભાષણ આપશે. આ પ્રસંગે તેઓ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) ની નવી સાયબર ક્રાઇમ શાખાનું ઉદ્ઘાટન પણ કરશે. તેઓ ગૃહ મંત્રાલય હેઠળ ભારતીય સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટરના રાજ્ય ડેશબોર્ડ્સનું પણ લોન્ચિંગ કરશે.

ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં સાયબર છેતરપિંડીના વધતા અવકાશ, વલણો અને બદલાતા સ્વભાવની સહિયારી સમજ વિકસાવવાનો છે.

બે દિવસીય પરિષદમાં કેન્દ્રીય અને રાજ્ય કાયદા અમલીકરણ એજન્સીઓ, ટેલિકોમ્યુનિકેશન વિભાગ, નાણાકીય સેવાઓ વિભાગ અને ભારતીય રિઝર્વ બેંકના વરિષ્ઠ અધિકારીઓ અને નિષ્ણાતો ભાગ લેશે.

# CHAUHAN MATHURA

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે ભારત-અમેરિકા વેપાર કરાર રાષ્ટ્રીય હિતમાં શ્રેષ્ઠ કરાર છે, જેમાં ખેડૂતોના હિતોનું સંપૂર્ણ રક્ષણ કરવામાં આવ્યું છે.

ઉત્તર પ્રદેશના મથુરા ખાતે ગોવર્ધન પરિક્રમા બાદ મીડિયા સાથે વાત કરતા કૃષિ મંત્રીએ કહ્યું કે, આ વેપાર કરાર ભારતના ખેડૂતો, મહિલાઓ અને યુવાનોના સપનાઓને નવી પાંખો આપશે, જેનાથી તેઓ પ્રગતિ અને વિકાસની

નવી ઊંચાઈઓ પર ઉડવા માટે સક્ષમ બનશે. તેમણે દાવો કર્યો કે આ કરારમાં ઘઉં અને ડાંગર સહિતના મુખ્ય અનાજને સંપૂર્ણપણે સુરક્ષિત રાખવામાં આવ્યા છે.

## VAISHNAW-SERGIO GOR

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઇકાલે નવી દિલ્હીમાં અમેરિકાના રાજદૂત સર્ગિયો ગોર સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ સેમિકન્ડક્ટર, ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન અને સ્થિતિસ્થાપક પુરવઠા શૃંખલા પર વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી વૈષ્ણવે કહ્યું કે તેઓ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઇમ્પેક્ટ સમિટ 2026માં અમેરિકાની ભાગીદારીની રાહ જોઈ રહ્યા છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# RUSSIA-INDIA BRICS

રશિયા બ્રિક્સમાં ભારતના અધ્યક્ષપદને સક્રિયપણે સમર્થન આપશે. રશિયાએ એક નિવેદનમાં ભારતની કાર્યસૂચિને આધુનિક અને અત્યંત સુસંગત ગણાવતા જણાવ્યું કે, આતંકવાદ વિરોધી અને ઉર્જા સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

રશિયાના વિદેશમંત્રી સેર્ગેઈ લાવરોવે જણાવ્યું કે ભારત ભવિષ્યની તૈયારી કરતી વખતે વર્તમાન વૈશ્વિક પડકારોનો સામનો કરતા મુદ્દાઓને પ્રાથમિકતા આપી રહ્યું છે. એક ટીવી ચેનલ સાથેની મુલાકાતમાં, તેમણે પ્રદેશમાં સતત જોખમો વચ્ચે આતંકવાદ વિરોધી કાર્યવાહીની સુસંગતતા પર પ્રકાશ પાડ્યો હતો.

શ્રી લાવરોવે કહ્યું કે બ્રિક્સ સભ્યો રાષ્ટ્રીય સાર્વભૌમત્વનું રક્ષણ કરતી વખતે પારદર્શિતાને સમર્થન આપે છે.

# CISF-VANDE MATARAM CYCLOTHON

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) આજે દરિયાકાંઠાની સુરક્ષા અંગે જનજાગૃતિ લાવવા માટે રાષ્ટ્રવ્યાપી 'વંદે માતરમ સાયક્લોથોન 2026' નું આયોજન કર્યું છે.

આ પહેલ CISF સેવાના 27 વર્ષ અને 'વંદે માતરમ' ગીતના 150 વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગ રૂપે 65 CISF સાયકલ સવારોની એક ટીમ નવ દરિયાકાંઠાના રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રવાસ કરી રહી છે.

આ સાયક્લોથોનનો હેતુ દરિયાકાંઠાના સમુદાયોને ડ્રગ્સની હેરફેર, હથિયારોની દાણચોરી અને વિસ્ફોટકોની હિલચાલ જેવા જોખમો વિશે સંવેદનશીલ બનાવવાનો છે, જ્યારે નાગરિકો અને સુરક્ષા એજન્સીઓ વચ્ચે સંકલન મજબૂત બનાવવાનો છે.

મહારાષ્ટ્રમાં, સાયક્લોથોનને આજે તારાપુર CISF યુનિટથી લીલી ઝંડી આપવામાં આવશે, અને રાજ્ય તબક્કાનું સમાપન આ મહિનાની 14મી તારીખે રત્નાગિરીમાં થશે, ત્યારબાદ ટીમ ગોવા તરફ પ્રયાણ કરશે.

# ICC-PAKISTAN

T20 વિશ્વકપમાં, આગામી 15 ફેબ્રુઆરીએ ભારત સામે પાકિસ્તાનનો મુકાબલો કોલંબો ખાતે થશે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદએ 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત સામેની મેચ સહિત, 2026 માં તેમના તમામ સુનિશ્ચિત ICC T20 વિશ્વ કપ મેચોમાં પાકિસ્તાનની ભાગીદારીની પુષ્ટિ કરી છે.

# ICC T20

ICC T20 વિશ્વ કપમાં, નેધરલેન્ડ્સ આજે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં નામિબિયા સામે ટકરાશે. આ મેચ સ્થાનિક સમય મુજબ સવારે 11:00 વાગ્યે શરૂ થશે.

ત્યારબાદ, ન્યુઝીલેન્ડ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં સંયુક્ત આરબ અમીરાત સામે ટકરાશે. આ મેચ સ્થાનિક સમય મુજબ બપોરે 3:00 વાગ્યે શરૂ થશે.

સાંજે, કોલંબોના સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબ ખાતે પાકિસ્તાનનો સામનો અમેરિકા સામે થશે. આ મેચ સ્થાનિક સમય મુજબ સાંજે 7:00 વાગ્યે શરૂ થશે.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી નવમી ગ્રુપ D મેચમાં, દક્ષિણ આફ્રિકાએ કેનેડાને 57 રનથી હરાવ્યું

---------------------------------------------------------------

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં 54 હજાર કરોડની ડિજિટલ છેતરપિંડી અને પશ્ચિમ બંગાળમાં SIR અંગેના સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- દિવ્યભાસ્કરનું મુખ્ય શીર્ષક છે – 54 હજાર કરોડની ડિજિટલ છેતરપિંડી સીધી લૂંટ છે: સુપ્રીમ
- ગુજરાત સમાચાર લખે છે – 54 હજાર કરોડના ડિજિટલ ફ્રોડ સરકારની બેદરકારી: સુપ્રીમ
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે – સાઇબર ધોખાધડી પર સુપ્રીમ કોર્ટ સખ્ત, ઈસે ડિજિટલ ડકૈતી બતાયા
- ફૂલછાબે પશ્ચિમ બંગાળમાં SIR પર સ્ટે નહીંના સમાચારને મુખ્ય શીર્ષકમાં લીધા છે
- નવગુજરાત સમય લખે છે – કોંગ્રેસે લોકસભા સ્પીકર બિરલા સામે અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવા કમર કસી